Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

6706



# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shri Atmanand Prakash


પુસ્તક ૫૧ મું. | આત્મ સં. ૫૮ | સંવત ૨૦૧૦.

અંક ૧૧ મો. | પ્રકાશન તા. ૧૫-૬-૫૪ | જ્યેષ્ઠ


Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.


પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧. | આધ્યાત્મિક સ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી મ. ) | ૧૬૧ |
| ૨. | દશ દશાર | (હીરાલાલ ર. કાપડિઆ એમ. એ.) | ૧૬૨ |
| ૩. | શ્રી કૃતાર્થ જિન સ્તવન–સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી ) | ૧૬૫ |
| ૪. | દશમા શ્રી શીતળનાથ જિન સ્તવન-સાર્થ | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૧૬૬ |
| ૫. | શ્રી શત્રુંજય લઘુકલ્પનું ભાષાંતર | ( હીરાલાલ સ્વરૂપચંદ સુખડીયા ) | ૧૬૮ |
| ૬. | સોનેરી સુવાકયો | ( અચ્છાબાબા ) | ૧૭૦ |
| ૭. | સમતા અણમોલ રત્ન | ( „ ) | ૧૭૧ |
| ૮. | નીતિનું ફળ | ( મુનિશ્રી મહાપ્રભવિજયજી મ. ) | ૧૭૨ |
| ૯. | ધર્મ કૌશલ્ય | ( સ્વ. મૌક્તિક ) | ૧૭૩ |
| ૧૦. | વર્તમાન સમાચાર | ( સભા ) | ૧૭૪ |
| ૧૧. | સ્વીકાર સમાલોચના | ( સભા ) | ૧૭૫ |


## લેખક મુનિમહારાજાઓ તથા જૈન બંધુઓને નમ્ર સૂચના

દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે લેખ મોકલવા નમ્ર સૂચના છે, જેથી ઘણા ભાગે તે મહિને પ્રગટ થઇ શકે. પછી આવેલા લેખો તે પછીના મહિનામાં પ્રકટ કરવામાં આવશે. લેખો જેમ જેમ આવતા જાય તેમ તેમ ક્રમે ક્રમે જ દર માસે આત્માનંદ પ્રકાશમાં પ્રકટ કરવામાં આવે છે.

તંત્રીમંડલ

### નમ્ર સુચના.

**બૃહતકલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલા ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અને બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાન ભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા ભાગો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોવે તેમણે મંગાવવા નમ્ર સુચના છે. કિંમત ૩–૪–૫ દરેક ભાગના દશ દશ રૂપીયા સાટી અને છઠ્ઠા ભાગના સોળ રૂપીયા (પોસ્ટેજ જુદુ)

### ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

### ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસો ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલ તે મળતો નહોતો, જેની માત્ર પચીશ કોપી અમારી પાસે રહેલ છે, જેથી પૂજ્ય મુનિમહારાજ કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂ. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય–અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા

( અનુસંધાન ટા- પા. ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. પુસ્તક ૫૧ મું.

જયેષ્ઠ—જુન

વિક્રમ સં. ૨૦૧૦. અંક ૧૧ મો.


## આધ્યાત્મિક સ્તવન.

( લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો...એ રાહ. )

અંતરંગ ભાવનાની આંગીઓ રચાવજો,
શિવસુખ કારણુ સદા........ય
ઉજવીએ ઓચ્છવ આનંદના ( ટેક. )

( અંતરા- )

દેવ-ગુરુભક્તિની માળા ગુંથાવજો,
ધર્મરંગ કુસુમો મંગાય. ઉજવીએ૦ અંત૦ ૧

પૂજો પૂજો ચરણુ વીતરાગનાં,
બાંધો તોરણીયાં ગુણાનુરાગનાં;
( સર્વ- )વિરતિની જ્યોતિ જગાય. ઉજ૦ અંત૦ ૨

વિનય વિવેકનાં વાજાં વગડાવજો,
સમકિતકેરા શુભ છોડા બંધાવજો;
મંડપ સંવરનો સુહાય. ઉજ૦ અંત૦ ૩

નેમિ-લાવણ્યસૂરિ દક્ષ શીખ માનજો,
જયણાનો ઝંડો રંગે રોપાવજો;
મૈત્રીની બંસી બજાય. ઉજ૦ અંત૦ ૪

મુનિરાજશ્રી દક્ષવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દસ દસાર (દશાર્હ)

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

'દસાર' એ પાઇય ભાષાનો શબ્દ છે. એના ચાર અર્થ **પાઇયસદ્દમહણ્ણવમાં** અપાયા છેઃ **(૧) સમુદ્રવિજય** આદિ દસ યાદવ, (૨) વાસુદેવ યાને શ્રીકૃષ્ણ, (૩) બળદેવ અને (૪) વાસુદેવની સંતતિ. કયા ગ્રન્થમાં આ પૈકી કયો અર્થ વિવક્ષિત છે એ આપણે વિચારીએ તે પૂર્વે 'દસાર' રૂપ અંગવાળા સામાસિક શબ્દો આપણે નોંધીશું. આ રહ્યા એ શબ્દોઃ દસારનાહ, દસારનેઉ અને દસારવઇ. આ ત્રણે શબ્દોનો અર્થ કૃષ્ણ થાય છે. આ ઉપરાંતના શબ્દો નીચે મુજબ છે.

દસાર-ગંડિયા, દસાર-ચક્ક, દસાર-મંડલ, દસાર-વંસ અને દસાર-વગ્ગ.

સમુદ્રવિજય આદિ દસ યાદવ એ અર્થવાળો 'દસાર' શબ્દ **સમવાય** (સુ. ૧૨૯) **નાયાધમ્મકહા** (૧, ૫, ૧૧૬)* અને **અંતગડદસા** (પત્ર ૨ અ) એમ ત્રણ આગમોમાં વપરાયો છે. વિશેષમાં **સિદ્ધહેમચન્દ્ર** (અ. ૮, પા. ૨, સૂ. ૮૫) માં પણ એ વપરાયો છે. "**दशार्हे**" એમ આ સૂત્ર છે. એની સ્વોપજ્ઞ વૃત્તિમાં સૂચવાયા મુજબ 'હ' નો લોપ થાય છે, અને એમ થતાં 'દસાર' શબ્દ બને છે. આમ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રના મતે 'દસાર' એ સંસ્કૃત શબ્દ 'દશાર્હ' નું રૂપાંતર છે. નાયા૦ (૧, ૫, પત્ર ૯૯ આ)ની વૃત્તિ (પત્ર ૧૦૦ અ) માં 'દસાર' શબ્દ સમજાવતાં અભયદેવસૂરિએ "**दशाराः समुद्रविजयादयः**" એમ કહ્યું છે. આમ એમણે 'દસાર' માટેના સંસ્કૃત શબ્દ તરીકે 'દશાર' શબ્દ રજૂ કર્યો છે. અંતગડદસા (પત્ર ૨ અ)ના વિવરણ (પત્ર ૨ અ)માં તો એમણે પણ 'દશાર્હ' શબ્દ આપ્યો છે એટલું જ નહિ, પણ એની વ્યુત્પત્તિ પણ સૂચવી છે અને સાથેસાથે દસ દશાર્હનાં નામો પણ આપ્યાં છે. એમાં દસ નામોને લગતો ઉલ્લેખ નીચે મુજબ છેઃ—

"**समुद्रविजयोऽक्षोभ्यस्तिमितः सागरस्तथा ।**
**हिमवानचलश्चैव धरणः पूरणस्तथा ॥**
**अभिचन्द्रश्च नवमो वसुदेवश्च वीर्यवान् ।**
**वसुदेवानुजे कन्ये कुन्ती मद्री च विश्रुते ॥**"

આ ઉપરથી જોઇ શકાય છે કે (૧) **સમુદ્રવિજય**, (૨) અક્ષોભ્ય, (૩) **સ્તિમિત**, (૪) **સાગર**, (૫) હિમવત્, (૬) અચલ, (૭) ધરણ, (૮) પૂરણ, (૯) અભિચન્દ્ર અને (૧૦) પરાક્રમી **વસુદેવ**–એ દશ દશાર્હ છે. કુન્તી અને મદ્રી એ વસુદેવ પછી જન્મેલી બે કન્યા છે એટલે એ વસુદેવની નાની બહેનો છે. આ બધાંના પરસ્પર સંબંધ આપણે વિચારીએ તે પૂર્વે અભયદેવસૂરિએ જે અહીં 'દશાર્હ'ની વ્યુત્પત્તિ આપી છે તે નોંધી લઇએઃ—

"**दश च ते अर्हाश्च-पूज्या इति दशार्हाः**"

* પત્ર ૨૦૭ આ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થાત્ દશ અર્હ એટલે કે પૂજ્ય તે ' દશાર્હ '***

ઉપરનાં બે પદ્યો ઉપરથી જોઇ શકાય છે કે કૃષ્ણના પિતાનું નામ વસુદેવ છે અને એની બે ફોઇનાં નામ કુન્તી અને મદ્રી છે. સમુદ્રવિજય એ વસુદેવના મોટા ભાઈ થાય છે. એ હિસાબે આ અવસર્પિણીમાં થઇ ગયેલા જૈનોના બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિ યાને નેમિનાથ એ કૃષ્ણના કાકા સમુદ્રવિજયના પુત્ર થાય છે. આમ નેમિનાથ અને કૃષ્ણ એ કાકા કાકાના ભાઈઓ થાય છે.

ઠાણ ( ઠા. ૧૦, સુ. ૭૫૫ ) માં **બન્ધદસા**નાં દસ અજ્ઝયણો ગણાવાયાં છે. તેમાં એકનું નામ ' દસારમંડલ ' છે. આ **બન્ધદસા** નામનું ચોથું અજ્ઝયણ આજે ઉપલબ્ધ નથી એટલે 'દસાર' વિષે અહીં અપાયેલી વિગતો આપણે જાણી શકતા નથી.

**નવ દસારમંડલ–સમવાયમાં** કહ્યું છે કે જંબૂદ્વીપના ભરતવર્ષમાં આ ઉત્સર્પિણીમાં નવ દશાર–મંડલ થયાં છે. એમ કરી ત્રિપૃષ્ઠથી કૃષ્ણ સુધીના નવ વાસુદેવનું અને અચલથી ( બલ ) રામ સુધીના નવ બલરામનું સૂચન કરાયું છે અને સાથે સાથે પ્રત્યેક વાસુદેવનું અને બલરામનું વિસ્તારથી સ્વરૂપ આલેખાયું છે. આમ અહીં ' દસાર ' થી વાસુદેવ તેમજ બળરામ એ બંને અર્થ કરાયા છે. અને બંનેની સંખ્યા નવની દર્શાવાઇ છે. આ રીતે ' દસારમંડલ ' એટલે વાસુદેવનો સમુદાય અર્થાત્ નવ વાસુદેવો તેમજ બલરામનો સમુદાય એટલે નવ બલરામો એ અર્થ ફલિત થાય છે.

**દસારગંડિયા–દિટ્ઠિવાય( સં. દષ્ટિવાદ )**ના જે પાંચ વિભાગો ગણાવાય છે તેમાંના એકનું નામ ' અણુઓગ ' છે. એના ' મૂલપઢમાણુઓગ ' અને ' ગંડિયાણુઓગ ' એમ બે પેટાવિભાગ છે. આ પૈકી ગંડિયાણુઓગમાં તીર્થંકરોની, ચક્રવર્તીઓની, દશાર્હોની, બલદેવોની, વાસુદેવોની તેમજ ગણધરો વગેરેની ' ગંડિયા ' હોવાનો ઉલ્લેખ **નંદી** ( સુત્ત ૫૭, પત્ર ૨૩ અ ) માં તેમજ **સમવાય** ( સુત્ત ૧૪૭ ) માં છે. દુર્ભાગ્યે આ ગંડિયાઓ આજે મળતી નથી. આથી દસાર–ગંડિયામાં જે કોઈ વિશિષ્ટ હકીકત હશે તે એની સાથે જ લુપ્ત થઇ ગઈ હશે એમ લાગે છે.

વીરસંવત્ ૪૬૫ ની આસપાસમાં થઇ ગએલા મનાતા યુગપ્રવર્તક ' કાલકસૂરિએ ' સૂત્રોના પદ્યબન્ધ પ્રકરણોના અનુવાદ કરીને ગંડિકાનુયોગની પ્રવૃત્તિ ચલાવી હતી. " ×એમાં ' દસાર–ગંડિયા ' હશે. જો કે હજુ સુધી તો મળી આવી નથી.

**દસારચક્ક ઉત્તરજ્ઝયણ**( અ. ૨૨ )ના અગિયારમા પદ્યમાં આ શબ્દગુચ્છ નજરે પડે છે. એના ઉપરની ' વાદિવેતાલ ' શાન્તિસૂરિકૃત વૃત્તિ( ભા. ૨, પત્ર ૪૩૪ અ )માં નીચે મુજબ ઉલ્લેખ છે.

**" दसारेत्यादि दशार्हाः—समुद्रविजयादयो वसुदेवान्ता दश भ्रातरस्तेषां चक्रेण–समूहेन । "**

---

* **અભિધાનચિન્તામણિ**( કાણ્ડ ૨, શ્લો. ૧૪૭ )માં ' દશાર્હ ' શબ્દ મહર્ષિ બુદ્ધના પર્યાય તરીકે અપાયો છે અને એની સ્વોપજ્ઞ વિવૃતિમાં દસ ભૂમિ, દસ બળ કે દસ પારમિતાને જે યોગ્ય છે, તેને ' દશાર્હ ' કહેલ છે. આમ હોવાથી બૌદ્ધ ધર્મના નાયક બુદ્ધવાચક ' દશાર્હ 'ને અહીં સ્થાન નથી.

× જુઓ **પ્રભાવકચરિત** અંગેનું મુનિ ( હવે પં. ) કલ્યાણવિજયજીનું " પ્રબન્ધપર્યાલોચન " ( પૃ. ૨૬ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાની મતલબ એ છે કે 'દશાર્હ' એટલે **સમુદ્ર**વિજયથી માંડીને **વસુદેવ** સુધીના દસ ભાઈઓ, એમનું ચક્ર એટલે એમનો સમુદાય. આમ દસાર-ચક્ક એટલે દશાર્હોનો સમુદાય.

**દસારવંસ-જંબુદ્દીવપણ્ણત્તિ**ના બીજા વખક્ખાર( વક્ષસ્કાર )માં આનો પ્રયોગ કરાયો છે.

**દસારવગ્ગ-દસવેયાલિય**( અ. ૧ )ની નિજ્જુત્તિની ૫૬ મી ગાથામાં "**दसारवग्गस्स**" એવો ઉલ્લેખ છે. આની ચુણ્ણિ( પત્ર ૪૧ )માં 'દસાર'શબ્દ છે. વિશેષમાં ક્ષેત્રાપાયના ઉદાહરણ તરીકે અહીં કહ્યું છે કે-દશાર્હો જરાસિંધુરાજના ભયથી મથુરાથી દ્વારકા ગયા. હરિભદ્રસૂરિકૃત ટીકા-( પત્ર ૩૫ આ ) માં પણ પાઇયમાં આ જ વાત છે. ફેર એટલો જ છે કે અહીં 'જરાસિંધુરાય' ને બદલે 'જરાસંધરાય' એવો ઉલ્લેખ છે.

**મથુરાનો ત્યાગ**—જરાસંધના ઉપદ્રવને લઇને દશાર્હોએ મથુરાનો ત્યાગ કર્યો હતો એ વાત ઠાણની વૃત્તિ( પત્ર ૨૫૫ )માં અભયદેવસૂરિએ કહી છે. અપાયજનક ક્ષેત્રનો ત્યાગ કરવો ઘટે, એના ઉદાહરણરૂપે આ બાબત રજૂ કરાઇ છે.

**દસ દશાર્હ**—'દ્વારકા'ના રાજા અંધકવૃષ્ણિની ધારિણી રાણીને દસ પુત્ર હતા. ( ૧ ) સમુદ્રવિજય, ( ૨ ) અક્ષોભ્ય, ( ૩ ) સ્તિમિત, ( ૪ ) સાગર, ( ૫ ) હિમવત, ( ૬ ) અચલ, ( ૭ ) ધરણ, ( ૮ ) પૂરણ, ( ૯ ) અભિચન્દ્ર અને ( ૧૦ ) વસુદેવ.

**દશાર્હની બેનો**—કુંતી અને મદ્રી એ ઉપર્યુક્ત દસ દશાર્હની બેનો થાય છે.

**આઠ દશાર્હની કથા**—કોઇકે જઇણમરહટ્ટી ( જૈન માહારાષ્ટ્રી ) માં પદ્યમાં **ઇસિમંડલથાત્ત** ( સં. **ઋષિમંડલસ્તોત્ર** ) રચ્યું છે. એના ઉપર સમયસુંદરગણિના શિષ્ય હર્ષનંદને **પ્રભાત-વ્યાખ્યાન-પદ્ધતિ** નામની વૃત્તિ [1]વિ. સં. ૧૭૦૪ માં રચી છે. એ વૃત્તિમાં અક્ષોભ્ય, **સ્ત**(સ્તિ?)મિત, સાગર, હિમવત, અચલ ધરણ, પૂરણ અને અભિચન્દ્ર એમ આઠ દશાર્હની કથા [2]અપાઇ છે.

**સૂયગડ** ( સુય૦ ૨, અ. ૧ ) અને **ઠાણ** ( ઠા. ૨, ઉ. ૩ ) માં 'દસાર' શબ્દ વપરાયો છે. મલયગિરિસૂરિએ **આવસ્સય**ની વૃત્તિ વિષે ઉલ્લેખ કર્યો છે.

નિ. ૧, શ્રુ. ૪, વર્ગ ૧ અ. માં પણ દસાર વિષે ઉલ્લેખ છે, એમ એક સ્થળે કહેવાયું છે. પરંતુ આની તપાસ કરવી બાકી રહે છે.

---

૧. જુઓ **જિનરત્નકોશ** ( ખંડ ૧, પૃ. ૬૦ ),

૨. આ પ્રમાણેની હકીકત "જૈન હસ્તલિખિત પુસ્તકોનું વર્ણનાત્મક સૂચીપત્ર" ( ખંડ ૩, ભા. ૧, પૃ. ૯૯ ) ઉપરથી જોઇ શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે
# ઓગણીશમા શ્રી કૃતાર્થ જિન સ્તવન–સાર્થ

( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

**સેવા સારજ્યો જિનજી મન સાચે, પણ મત માગો ભાઈ;**
**મહેનતનો ફળ માગી લેતાં, દાસ ભાવ સવિ જાઈ. સેવા૦ ૧**

**સ્પષ્ટાર્થ:**—હે જિનરાજ! સાચે મને સેવાનું સાર ફલ આપજો, પણ હે ભાઈ! સેવાનું ફળ માંગશો નહીં. કોઈ કોઇની સેવા કરી તેની મહેનતનું ફળ માંગે તો તેની સેવાનો કામી નથી, પણ તેના દામરૂપ ફળનો કામી છે. જો દામરૂપ ફળનો કામી છે તો તેમાં પ્રભુનું દાસપણું શું? પોતાના દાસરૂપ ફલનું દાસપણું કર્યું એટલે સ્વામીનું દાસપણું ન રહ્યું માટે કામના રહિત સેવા કરવી. ( ૧ )

**ભક્તિ નહિ તે તો ભાડાયત, જે સેવાફળ જાચે;**
**દાસ તિકે જે ઘન ભરિ નિરખી, કેકઇની પરે માચે. સેવા૦ ૨**

**સ્પષ્ટાર્થ:**—જે સેવાના ફળને ઇચ્છી સેવા કરે તે ભક્તિવંત નથી પણ ભાડાયત છે. દાસ તેને જ કહીએ જે સદા સ્વામીના હિત સમુદાયમાં રાજી રહે–વર્તે. સ્વામીને ગુણ થાય એમ જુએ. વળી સ્વામીની ઇચ્છાએ વર્તે; જેમ કૈકેયી રાણી પોતાના સ્વામી દશરથની ભક્તિમાં અત્યંત રચીપચી રહેતી હતી તેમ ફલ કામના રહિત પ્રભુની આજ્ઞાએ વર્તે તે સાચો સેવક જાણવો. ( ૨ )

**સારી વિધિ સેવા સારંતાં, આણ ન કાંઇ ભાજે;**
**હૂકમ હાજરં ખિજમતિ કરતાં, સહજે નાથ નવાજે. સેવા૦ ૩**

**સ્પષ્ટાર્થ:**—સકળ પ્રકારે રૂડી રીતિએ અને વિધિએ આજ્ઞાનું સેવન કરીએ, અને કાંઇ પણ આજ્ઞા વિરાધીએ નહીં, વળી પ્રભુના હુકમમાં હાજર રહી ખીજમત કરીએ તો સહેજે સ્વામીની મહેરબાની ફળે. ( ૩ )

**સાહેબ જાણો છો સહુ વાતે, શું કહીએ તુમ આગે?**
**સાહિબ સનસુખ અમે માગણની, વાત કારમી લાગે. સેવા૦ ૪**

**સ્પષ્ટાર્થ:**—સાહેબ પોતે કેવળજ્ઞાનવડે સર્વે જાણો છો કે જે સેવામાં હાજર છે તે પરમાનંદના કામી છે તો અમે તમારા આગળ શું કહીએ? પણ સાહેબ સન્મુખ અમે માંગણ તરીકે કાંઈ માંગવારૂપ વાત કરીએ તો તે વાત અસોહામણી લાગે માટે જાણીએ છીએ કે જે પ્રભુની અખંડ આજ્ઞા સેવશે તે અખંડ અચિન્ત્ય ફળ પામશે. ( ૪ )

**સ્વામી કૃતારથ તો પણ તુમથી, આશ સહુકો રાખે;**
**નાથ વિના સેવકની ચિંતા, કોણ કરે વિણ દાખે! સેવા૦ ૫**

**સ્પષ્ટાર્થ:**—શુભ ક્રિયાનો સ્વામી તે શુભ ફળ પામે, અને શુદ્ધ સ્વભાવ પ્રવૃત્તિના સ્વામી શુદ્ધાત્મ સંપદા પામે એ નિશ્ચય છે પણ પ્રભુજી જેવી પરમ ધ્યાનની આશા તો સર્વે રાખે. મારા જેવા રંક પુરુષોને મોક્ષમાર્ગમાં પ્રેરવાવાળા નાથ વિના અમારી ચિંતા કોણ મિટાવે? એટલે અમારું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિ શ્રી મોહનલાલજી લટકાળાકૃત–

# શ્રી દસમા શીતળનાથ જિન સ્તવન–સાર્થ

લેખક—પં. શ્રી રામવિજયજી ગણિવર્ય

**શીતળ જિનવર સેવના સાહેબજી, શીતળ જિમ શશી બિંબ હો;**
**સનેહી મૂરતિ મારે મન વસી સાહેબજી.**
**સા પુરિસા શું ગોઠડી સાહેબજી,–મોટો તે આલાલુંબ હો. સનેહી૦ ૧**

**ભાવાર્થઃ**—હે શીતળ જિનપ્રભુ ! આપની સેવા ચંદ્ર જેવી શીતળ છે, વળી હે પ્રભુ ! આપની મૂર્તિ મારા મનમાં વસી છે. આવી સુંદર મૂર્તિવાળા પ્રભુની મારે મિત્રાચારી થઇ છે. તે મારે તો મોટામાં મોટો આધાર છે. ૧

**વિશેષાર્થ**:—હે શીતળનાથ પ્રભુ ! આપની સેવા ચંદ્રથી પણ શીતળ છે. તેમાં ચંદ્રનું બિંબ તો બાહ્ય ગરમી શાંત કરે છે અને પ્રભુની સેવા બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારનો તાપ દૂર કરવા સમર્થ છે. હે પ્રભુ ! તમારી મૂર્તિ મારા મનમાં વસી છે. આવા મહાપુરુષની અમારે મિત્રાચારી થઇ છે. આવા શીતળનાથ પ્રભુનો મારે મોટો આધાર છે.

**ખીણ એક મુજને ન વિસરે સાહેબજી, તુમ ગુણ પરમ અનંત હો;**
**દેવ અવરને શું કરું સાહેબજી, ભેટ થઇ ભગવંત હો. સનેહી૦ ૨**

**ભાવાર્થ**:—હે પ્રભુ ! એક ક્ષણ માત્ર પણ તમે વિસરાતા નથી. વળી હે સાહેબજી ! તમારામાં અનંતા ગુણ છે. હવે અન્યદેવને શું કરું ? અત્યારે હે ભગવંત ! આપની મને ભેટ થઇ છે.

**વિશેષાર્થ**:—જગતની અંદર સાચા પ્રેમનું આકર્ષણ એવું બલીષ્ટ છે કે–જેમના ઉપર પ્રેમ હોય તે વ્યક્તિ એક ક્ષણ પણ વિસરે નહિ. તેમનું જ ધ્યાન કર્યા કરે. વળી હે પ્રભુ ! આપનામાં અનંત ગુણ ભરેલા છે. એવા પરમ પવિત્ર દેવને મૂકી બીજા હરિહરાદિ દેવોને શું કરું ? હે સાહેબજી ! મને આપનો સહવાસ થયો છે, સંયોગ થયો છે, હે સ્નેહી પ્રભુ ! આપનો સંગ પારસમણિના સ્પર્શ જેવો છે. પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે તેમ આપના સંગથી મૂર્ખ મનુષ્ય સાચો જ્ઞાની બની શકે છે. તેમાં અદ્વિતીય કારણ હોય તો આપની સેવાનું છે. ૨

---

ચિંતિત દેખાડ્યા વિના કોણ અમારી ચિંતા કરે ? વળી અમારું ચિંતિત પ્રભુજી તમે જાણો છો પણ બાળકની પેઠે મારાથી બોલ્યા વિના ન રહેવાય તેથી કહું છું. ( ૫ )

**તુજ સેવા ફળ માગ્યો દેતાં, દેવપણો થાયે કાચો;**
**વિણ માંગ્યાં વંછિત ફળ આપે, તિણ દેવચંદ્ર પદ સાચો. સેવા૦ ૬**

**સ્પષ્ટાર્થ**:—જેણે તમને સેવ્યા તેનું ફળ તમે તેને માગ્યું આપો તો તમે સેવાના અર્થી અથવા રાગી કહેવાઓ તેથી તમારું દેવપણું કાચું ગણાય. પણ માગ્યા વિના વંછિત ફળ આપો છો તેથી તમારું દેવમાં ચંદ્રમાં સમાન પરમ દેવપદ સાચું જ છે. ( ૬ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તુમે છો મુગુટ ત્રિહું લોકના સાહેબજી, હું તુમ પગની ખેહ હો સનેહી;**
**તુમે છો સઘન ૠતુ મેહુલો સાહેબજી, હું પશ્ચિમ દિશી ત્રેહ હો. સનેહી૦ ૩**

**ભાવાર્થઃ**—હે પ્રભુ! આપ ત્રણ જગતના મુકુટરૂપ છો. હે પ્રભુ! હું આપના પગની રજ સમાન છું. હે ધર્મસ્નેહી! આપ તો પ્રબલ વર્ષાઋતુના મેઘ સમાન છો અને હું પશ્ચિમ દિશાના હિમ સમાન છું.

**વિશેષાર્થઃ**—હે પ્રભુ! આપ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલરૂપ જગતના મુકુટ સમાન છો—શિરોમણિ છો. ત્રણે જગતના નાથ છો. હું આપના પગની રજ સમાન છું. વળી હે સ્નેહી પ્રભુ! આપ તો પ્રબલ નિચ્છિદ્ર જલ પૂર્ણ મેઘ સમાન છો અને હું પશ્ચિમ દિશાના હિમ સમાન છું. ઉપનય એવો છે કે—પ્રભુને પ્રબલ મેઘની ઉપમા છાજે છે. જેમ મેઘ વરસી આખા જગતને ધાન્ય પૂરું પાડે છે, સુકાળ કરે છે, જગતને સંતોષ આપે છે અને હું હિમ સમાન છું એટલે મેઘરાજથી જે ધાન્ય પાકીને તૈયાર થયું હોય પરન્તુ પાક ઉતર્યો ન હોય એટલામાં હિમ પડે તો સારામાં સારા પાકને ઘણું નુકસાન કરે. પડતી–ઉતરતી ઉપમા મારા માટે છે અને સર્વોત્તમ ઉપમા પ્રભુ આપને છાજે છે. ૩

**નિરાગી પ્રભુ રીઝવું સાહેબજી, તે ગુણ નહિ મુજ માંહિ હો સનેહી;**
**ગુરુ ગુરુતા સાહમું જુએ સાહેબજી, ગુરુતા તે મૂકે નાહી હો. સનેહી૦ ૪**

**ભાવાર્થ**:—હવે હું નીરાગી પ્રભુને પ્રસન્ન કરું એવો ગુણ મારામાં નથી. હે સનેહી પ્રભુ! આપ ગુરુ છો તેથી ગુરૂતા સામું જ દેખો, પરન્તુ કદાપિ કાલે ગુરૂતાને છોડો નહિ.

**વિશેષાર્થઃ**—પ્રભુ રાગ વિનાના છે—એવા નિરાગી પ્રભુને રીઝવવા હોય—પ્રસન્ન કરવા હોય—તો એમને પણ પ્રશસ્ત રાગવાળા બનાવવા જોઇએ. એટલે નિરાગીપણું અને પ્રસન્નપણું પરસ્પર વિરોધી છે—તેમાં પણ અપૂર્વકળા છે. આવડત હોય તો અશક્ય વસ્તુને શક્ય બનાવી શકાય છે, પરન્તુ મારામાં એ ગુણ કે કળા (ચતુરાઇ) નથી. ભલે મારામાં ગુણ કે ચતુરાઇ ન હોય—તો પણ પ્રભુ મોટાઇને ધારણ કરનારા છે—તેથી મારા જેવા નિર્ગુણી ઉપર પણ કરુણા કરી ગુરૂતા દર્શાવી પરોપકારરૂપ કાર્ય કરે જ છે. એટલે મોટાઇને છાજતી—ગુણની કળાને વિસરતા નથી. ૪

**મહોટા સેતી બરોબરી સાહેબજી, સેવકને કિણ વિધ થાય હો સનેહી?**
**આસંગો કેમ કીજીએ સાહેબજી, તિહાં રહ્યા આલુંભાય હો. સનેહી. ૫**

**ભાવાર્થ**:—મોટાની સાથે બરાબરી થઇ શકે જ નહિ, તો હવે એમનો સંગ અથવા સ્નેહ કેવી રીતે કરવો? તો પણ પ્રભુ! સિદ્ધિસ્થાનમાં છે, તે છતાં તેમનો સંગ કરવા મારું મનડું લોભાય છે.

**વિશેષાર્થ**:—પ્રથમ તો મોટાની સાથે બરાબરી થઇ શકે નહિ. જ્યારે બરોબરી ન થાય ત્યારે સરખાની સાથે સરખાઇ કેવી રીતે મેળવવી? અને સરખાઇ ન મેળવાય તો કાર્ય પણ કરવું ઘણું મુશ્કેલ થઇ પડે. એવા વાતાવરણમાં હવે અમારે સરખાની સાથે સરખો મેળ કયા હિસાબે કરવો? મતિ પણ મુંઝાય છે? કયાં પગલા ભરી લાંબો માર્ગ કાપવો? મૂંઝવણ ઘણી શિર ઉપર પડી. તે છતાં પણ સાહસિક એવું અમારું મનડું તમારી સાથે મેળ મેળવવાને માટે લોભાય છે—ખેંચાય છે—આકર્ષાય છે. ૫

**જગગુરુ કરુણા કીજીએ સાહેબજી, ન લખ્યો આભાર વિચાર; સનેહી**
**મુજને રાજ નિવાજશો સાહેબજી, તો કુણ વારણહાર હો. સનેહી. ૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'શ્રી શત્રુંજયલઘુકલ્પ 'નું ભાષાંતર

( લેખકઃ—હીરાચંદ સ્વરૂપચંદ સુખડીયા )

હે ભવ્ય જીવો ! અયમત્તા ( અતિમુક્ત ) કેવળીએ નારદમુનિ પાસે શ્રી શત્રુંજય તીર્થનું મહાત્મ્ય કહ્યું છે તે હું તમારી પાસે કહું છું, તેને તમે ભાવપૂર્વક સાંભળો. ( ૧ )

શત્રુંજય પર્વત ઉપર શ્રી પુંડરીક ગણધર પાંચ કરોડ મુનિની સાથે સિદ્ધિપદને વર્યા છે તેથી તે ' પુંડરીકગિરિ ' કહેવાય છે. ( ૨ )

નમિ–વિનમિ બે વિદ્યાધર રાજાઓ બે કરોડ સાધુ સંધાતે ( ફાગણ શુદી દસમે ) ત્યાં સિદ્ધિપદને પામ્યા છે તેમજ દ્રાવિડ અને વાલીખિલ્લ દશ કરોડ મુનિની સંગાતે ( કાર્તિક શુદી પુનમે ) મોક્ષે ગયા છે–નિવૃત થયા છે. ( ૩ )

( કૃષ્ણપુત્ર ) શાંબ અને પ્રદ્યુમ્ન વગેરે સાડાઆઠ કરોડ કુમારો ( ફાગણ શુદી તેરસે ભાડવા ડુંગરે ) સિદ્ધિપદને વર્યા છે તેમજ પાંચ પાંડવો ( વીસ કરોડ મુનિ સાથે આસો શુદી ૧૫ ) સિદ્ધિપદને અને નારદમુનિ ( એકાણું લાખ મુનિ સાથે ) સિદ્ધિપદને પામ્યા છે. ( ૪ )

થાવચ્ચાપુત્ર ( એક હજાર સાથે ) શુક પરિવ્રાજક મુનિ ( એક હજાર સાથે ) સેલગમુનિ ( પાંચસો મુનિવર સાથે ) દશરથ રાજાના પુત્ર ભરત અને રામચંદ્ર ( ત્રણ કરોડ મુનિવરો સાથે ) શત્રુંજય પર્વત ઉપર સિદ્ધિપદને પામ્યા છે તેમને હું વંદન કરું છું. ( ૫ )

---

**ભાવાર્થ:**—હે પ્રભુ ! હે જગગુરુ ! અમારા ઉપર કરુણા કરો. વળી આપના ઉપકારનો લેખ વિચાર સાથે લખતાં પાર પામી શકે તેવો નથી. હે પ્રભુ ! આપ મને પોતાનો કરી રાખશો, એ કાર્ય કરતા કોઈ અટકાવનાર નથી...

**વિશેષાર્થ:**—હે ત્રણ જગતના ગુરુ ! અમારા ઉપર ભાવદયા વર્તાવો. આપનું વિશેષણ "જગત કૃપાનિધિનું છે" તેને સાર્થક કરો, મારા જેવા સેવક ઉપર કૃપાદ્રષ્ટિ નહિ કરો તો ઉપર કહેલું વિશેષણ ફક્ત નામરૂપ કહેવાશે, પરન્તુ સાર્થક નામવાળું નહિ કહેવાય. વળી આપે તીર્થ પ્રવર્તાવી એટલો બધો ઉપકાર કર્યો છે કે અનેક જીવને ધર્મ પમાડી મોક્ષનગરીમાં પહોંચાડ્યા છે. એવા વિચારનો લેખ લખીએ તો પાર આવે તેમ નથી. એટલે આપ પરમ ઉપકારી છો. વળી હે પ્રભુ ! મારું પાલન કરો, રક્ષણ કરો. આવા ઉપકૃત કાર્યોમાં આપને કોઈ અટકાવી શકે તેમ નથી.

**ઓલગ અનુભવ ભાવથી સાહેબજી, જાણો જાણ સુજાણ હો;**
**સનેહી મોહન કહે કવિ રૂપનો સાહેબજી, જિનજી જીવનપ્રાણ હો સનેહી૦ ૭**

**ભાવાર્થ:**—હે પ્રભુ ! આપ સર્વજ્ઞ હોતે છતે અનુભવ જ્ઞાનથી અમારી અરજી, અમારી વિનંતી, અમારી ભાવભરેલી સેવા સર્વ જાણો છો. આપ જાણ પુરુષોમાં પણ "સુજાણ" એટલે સંપૂર્ણ જાણકાર છો. કોઇ વસ્તુ આપથી અજાણી નથી. હવે ઉપસંહાર કરતા આ સ્તવનના રચયિતા કવિ નરરત્ન મોહનવિજયજી મહારાજ સ્વયમેવ પોતાના મુખથી કહે છે કે–દસમા શ્રી શીતળનાથ ભગવાન મારા જીવનમાં પ્રાણભૂત છે. મારું સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ભાવ જીવન ટકાવી રાખનાર છે. ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા પણ ઋષભાદિક વિશાળ વંશથી ઉત્પન્ન થયેલા અને જેમણે મોહને ખમાવ્યો છે એવા અસંખ્યાતા જે જે મુનિઓ શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે, તેમને હે ભવ્યજીવો ! તમે નમસ્કાર કરો. ( ૬ )

આ શત્રુંજય પર્વતનો ( પહેલા આરામાં ) મૂળમાં વિસ્તાર પચાસ યોજનનો, શિખરતળે વિસ્તાર દશ યોજનનો અને ઊંચાઇ આઠ યોજન હતી. (૭)

ઉગ્ર તપશ્ચર્યા અને શુદ્ધ બ્રહ્મચર્ય અન્ય તીર્થોમાં કરવાથી જે ફળ મળે છે તેટલું ફળ અલ્પ પ્રયત્ન માત્રથી શત્રુંજય તીર્થમાં રહેવાથી ઉપાર્જન થાય છે. ( ૮ )

અન્ય તીર્થમાં એક કરોડ મનુષ્યોને મનવાંછિત ભોજન આપવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે તેટલું પુણ્ય શ્રી શત્રુંજય તીર્થ ઉપર એક ઉપવાસ કરવાથી થાય છે. ( ૯ )

આ પુંડરીકગિરિને વાંદવાથી જે કોઇ નામમાત્ર તીર્થ સ્વર્ગલોકમાં, પાતાલલોકમાં અને મૃત્યુલોકમાં છે તે સર્વ તીર્થ દીઠાનું ( તેની યાત્રા કરવાનું ) ફળ પ્રાપ્ત થાય છે. ( ૧૦ )

શત્રુંજય પર્વતની સન્મુખ જતાં રસ્તામાં સંઘને પડિલાભતાં અને મુનિની ભક્તિ કરતાં સામાન્યપણે મળી શકે તેના કરતાં શત્રુંજય પર્વત નહિ દેખાતો હોય તો કરોડગણું અને દેખાતો હોય તો અનંતગણું ફળ મળે છે. ( ૧૧ )

જે જે તીર્થે કેવળજ્ઞાની ભગવંતો નિર્વાણપદને પામ્યા છે તે સર્વ તીર્થની વંદના એક પુંડરીકગિરિને વંદના કરવાથી થાય છે. ( ૧૨ )

અષ્ટાપદ ( ઋષભદેવની નિર્વાણભૂમિ ), સમેતશિખર ( વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ ), પાવાપુરી ( વીર ભગવાનની નિર્વાણભૂમિ ), ચંપાપુરી ( વાસુપૂજ્યસ્વામીની નિર્વાણભૂમિ ) અને ઉજ્જયંત ( ગિરનાર ) ( નેમનાથ ભગવાનની નિર્વાણભૂમિ ) એ સર્વ તીર્થને વંદના કરવાથી જે ફળ થાય છે તેના કરતાં પુંડરીકગિરિને વંદન કરતાં સોગણું ફળ થાય છે. ( ૧૩ )

( અન્ય તીર્થે જે ફળ મળે તેના કરતાં ) શ્રી શત્રુંજય પર્વત ઉપર પૂજા કરવાથી એકગણું પુણ્ય, પ્રતિમા પધરાવવાથી સો ગણું, જિનપ્રાસાદ કરાવવાથી હજારગણું અને તે તીર્થનું પાલન–રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ( ૧૪ )

શત્રુંજય પર્વત ઉપર પ્રતિમા ભરાવે અને ચૈત્ય બનાવે તે ભરતક્ષેત્રનું ( ચક્રવર્તીપણે ) રાજ્ય ભોગવીને ઉપસર્ગ રહિત સ્વર્ગગતિને પ્રાપ્ત કરે. ( ૧૫ )

ફળની આશા રાખીને, ત્રિકરણ યોગે શુદ્ધ થઇને, શત્રુંજય તીર્થનું સ્મરણ કરતો જે નવકારશી, પોરસી, પુરિમઢ્ઢ, એકાસણું, આંબેલ અથવા ઉપવાસ કરે છે તેમને અનુક્રમે છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ અને માસક્ષમણનું ફળ પ્રાપ્ત થાય છે. ( ૧૬–૧૭ )

જે ( ભવ્યાત્મા ) ચોવિહાર છઠ્ઠ કરીને સાત યાત્રા કરે છે તે ત્રીજે ભવે મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે. ( ૧૮ )

આજે પણ લોકોમાં દેખાય છે કે જે પ્રાણી ભાત–પાણીનો ત્યાગ કરી પુંડરીકગિરિ પર્વત ઉપર અનશન વ્રત કરે છે તે સદાચાર રહિત હોય તો પણ સુખેથી સ્વર્ગમાં જાય છે. ( ૧૯ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સુવાક્યો

શ્રી વીતરાગ પરમાત્માનું દર્શન એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

શ્રી જિનશાસનની સેવાથી મેં જે પુણ્ય ઉપાર્જિત કર્યું હોય તેના ફળરૂપે શ્રી જિનશાસનની સેવા જ મને ભવોભવ પ્રાપ્ત થાઓ.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર હો.

શ્રી પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે તથા સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

ગારુડિક મંત્ર જેમ સર્પ વિષનો તેમ શ્રી નવકાર મંત્ર સમસ્ત વિષનો નાશ કરે છે.

શ્રી નવકાર એ સારની પોટલી, રત્નની પેટી અને ઇષ્ટનો સમાગમ છે.

અંતકાળે જેણે શ્રી નવકારને યાદ કર્યો તેણે સકળ સુખને આમંત્રણ કર્યું છે અને સકળ દુઃખને હંમેશ માટે તિલાંજલિ આપી છે.

આ નવકારના પ્રભાવથી વ્યાધિ, જલ, અગ્નિ, તસ્કર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ આદિના ભયો નાશ પામે છે.

ચિત્તથી ચિન્તવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ થતું નથી કે જ્યાંસુધી શ્રીનવકારને સ્મરવામાં આવ્યો નથી.

જે ભાવથી એક લાખ નવકાર ગણે છે તથા વિધિપૂર્વક શ્રી જિનેશ્વરદેવને પૂજે છે તે આત્મા અવશ્ય તીર્થંકરનામગોત્ર બાંધે છે.

સં. અચ્છાબાબા

---

છત્ર, ધ્વજા, પતાકા, ચામર, કળશ અને થાળનું દાન શત્રુંજય પર્વત ઉપર કરવાથી વિદ્યાધર અને રથને મૂકવાથી ચક્રવર્તી થાય છે. ( ૨૦ )

દસ, વીસ, ત્રીસ, ચાળીસ અને પચાસ પુષ્પમાળના દાનથી–એટલી માળા ચડાવવાથી–અનુક્રમે ચોથ, છઠ્ઠ, અટ્ઠમ, દશમ અને દુવાલસ( એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઉપવાસ )નું ફળ પ્રાપ્ત થાય છે. ( ૨૧ )

શત્રુંજય ( તીર્થ ) ઉપર ( કૃષ્ણાગુરુ ) વગેરેનો ઉત્તમ ધૂપ કરવાથી પંદર ઉપવાસનું, કપુરનો ધૂપ કરવાથી માસક્ષમણનું અને સાધુને પડિલાભતાં અનેક માસક્ષમણનું ફળ મળે છે. ( ૨૨ )

શત્રુંજય ઉપર માત્ર પૂજા અને ન્હવણ કરવાથી જે ફળ મળે છે તે ફળ અન્ય તીર્થોમાં સુવર્ણ, ભૂમિ અને આભૂષણોનું દાન કરવાથી પણ મળતું નથી. ( ૨૩ )

જે પ્રાણી શત્રુંજય તીર્થનું મનમાં ધ્યાન ધરે છે તેના અટવી, ચોર, સિંહ, સમુદ્ર, દારિદ્ર, રોગ, શત્રુ અને અગ્નિના ભયો અવિઘ્નપણે નાશ પામે છે. ( ૨૪ )

સારાવળીપયન્નામાં શ્રુતધર મહારાજાએ જે ગાથાઓ ઉદ્ધરેલી છે, તેને જે સાંભળે, ભણે અને તેના ગુણનું સ્મરણ કરે તે શત્રુંજયની જાત્રાનું ફળ મેળવે છે. ( ૨૫ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આટલું તો જરૂર વાંચો.

૧. સાતે વ્યસનનો ત્યાગ કરજો પણ દાન દેવાના વ્યસનને કદી છોડશો નહિ.

૨. બધાનો લોભ છોડજો પણ ધર્મના લોભી તો જરૂર બનજો.

૩. કોઇથી ડરશો નહિ પણ અપકૃત્યથી તો જરૂર ડરતા રહેજો.

૪. પારકી વસ્તુ છીનવી લેવાની દુષ્ટ ભાવના થાય ત્યારે પાંગળા બનવાનું પસંદ કરજો.

૫. વિકાર દૃષ્ટિથી રૂપરંગને નિહાળવામાં જ રાત અને દિન રકત રહેનારી ચક્ષુને પ્રાપ્ત કરતા અંધાપો વધુ હિતકર છે, એમ માનજો,

૬. બધી વાતે સંતોષી બનજો પરન્તુ અન્યના ગુણો ગ્રહણ કરવામાં તો સદા અસંતોષી રહેજો.

૭. કોઇનું ભલું ન થાય તેનો વાંધો નહિ પણ બૂરું તો કોઇનું કરશો જ નહિ.

૮. ધર્મ થાય એટલો કરજો પરન્તુ તે કરનારાઓના માર્ગમાં અંતરાયરૂપ કાંટા તો કદી નાંખશો નહિ.

૯. કોઇના ગુણાનુવાદ કરવાનું ન બને તો ભલે પરન્તુ કોઇના અવર્ણવાદ ( નિંદા ) તો કદી બોલશો નહિ.

૧૦. દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ થાય એટલી કરજો પરન્તુ તેમની કમભકિત ( અવગણના ) કરવાની મૂર્ખાઇ કદી કરશો નહિ.

સં. અચ્છાબાબા.

---

## સમતા એક અણુમોલ રત્ન !

લ્યો રે લો લો કોઇ ઉમદા રતન, જે કોઇ લહે તેનાં જીવન ધન્ય૦
મહાવીર પ્રભુના છે સત્ય વચન, જીવનમાં જીવે તેને ધન્ય ધન્ય. લ્યો રે લો૦
કોઈ ઉપર કયારે કરશોમાં રોષ, અન્ય નિમિત્ત ભલે સ્વનોજ દોષ;
કર્યા કરમ તો ભોગવવા સહી, ભોગવ્યા વિણ તો છૂટકોજ નહિ. લ્યો રે લો૦
કોઇ નિમિત્ત પર કરજો મા રોષ, નિમિત્ત બિચારું છે છેક નિર્દોષ;
આવે ટપાલ જેમાં ક્રોડોની ખોટ, તેમાં ટપાલી વાંક નહિ નાનો કે મોટ. લ્યો રે લો૦
તારા કર્મોની છે એ તો મ્હોકાણુ, રખે ટપાલીનો ગુહનો તું જાણ;
કાનમાંહે ખીલા ને પગ રાંધે ખીર, સંગમ પીડા કરે વીરને ગંભીર. લ્યો રે લો૦
દુષ્ટ ગોવાળ દે દુઃખો અપાર, પ્રભુ માને સૌનો મોટો આભાર;
અન્યના દોષ પ્રભુ દેખે નહિ, પૂર્વ કરમ ફલ પેખે નહિં. લ્યો રે લો૦
તેથી સમભાવે રહે ત્રિકાળ, સમતા છે મુક્તિનો માર્ગ શ્રીકાર;
માટે અન્ય દોષ પ્રભુ દેખો નહિ, પૂર્વ કરમ ફળ એ તો સહી. લ્યો રે લો૦
દેખો સ્વકીય દોષ અન્યના ગુણ, આત્મ કલ્યાણકર એ છે સદ્‌ગુણ;
દુઃખો સુખોમાં સમતા ધરો, સ્વકર્મના ફળ સુખ દુઃખ લહો. લ્યો રે લો૦
સમભાવે સુખ દુઃખ સહતા રહો, સહી અનંત સુખ સત્વર વરો;
સમતા જિનશાસનનું સાચું રતન, બાબાજીને ખાસ દેજો ભગવન. લ્યો રે લો૦

સં. અચ્છાબાબા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીતિનું ફલ.

( લેખકઃ—મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી. )

પૂરાણા એક બે હજારની જન સંખ્યાવાળા નાનકડા ગામમાં ૧૮ વર્ણ વસતી હતી. તેમાં એક જ શેઠની દુકાન કે જેમાં પરચુરણ તેલ-ગોળ-મીઠુ-મરચું આદિ વસ્તુઓ મળે. સારાએ ગામના લોકોને પરચુરણ વસ્તુઓની ખરીદી માટે આ એક જ દુકાન હોવાથી સાંજના ટાઇમે ત્યાં મોટી ભીડ જામતી હતી. તે ગામમાં બીજા એક શેઠ મરચા-મીઠાદિનો કોથળો ફેરવી પોતાની આજીવિકા ચલાવતા હતા, પણ છળ-કપટ-અન્યાયને તે શેઠ કે શેઠાણી જાણતા નહિ. તે દંપતીને ઝાઝો લોભ કે ભોગવિલાસનો મોહ ન હતો, ન્યાયનીતિથી જ ગુજરાન ચલાવતા. તેમને એક પુત્ર હતો. બે વર્ષનો પુત્ર થતા પિતાએ પરલોકે પ્રયાણ કર્યું. શેઠાણી ( માતા ) નિરાધાર બની.

નિરાધાર શેઠાણીના માથે બે જણના ગુજરાનનો બોજો આવી પડ્યો. લોકોની મહેનત-મજૂરી અને ઘંટીઓ ખેંચી શેઠાણી મહામુશીબતે નિર્વાહ ચલાવતા હતા. એ રીતે સમય જતાં પુત્ર ૮ વર્ષનો થયો. તેને ગામમાં પેલા શેઠની દુકાને તેલ લેવા મોકલ્યો. એક આનો આપી કહ્યું કે-" ત્રણ પૈસાનું તેલ લાવજે અને એક પૈસો પાછો લાવજે." છોકરો દુકાને ગયો, તેલ લીધું, શેઠને આનો આપ્યો, શેઠે એક પૈસો પાછો આપ્યો. છોકરો પૈસો લઇ ઘેર આવ્યો, માતાના હાથમાં પૈસો આપ્યો. માએ લઇ તે પેટીમાં મૂકયો. સવારે ઉઠી કામવશાત્ પેલા પૈસાને જોતા તે ગીની દેખાઇ. શેઠાણી એકદમ ચમકયા. બાળકને લઇ શેઠની દુકાને પહોંચ્યા.

શેઠાણી દુકાન આગળ પહોંચી. શેઠને કહે છે કે-ભાઈ, તમારું કામ છે. શેઠ ગઇકાલની રાતની ગીનીની ગરબડથી કંટાળી ગએલા હતા. તે એકદમ તાડુકયા કે-' તમારા જેવા અત્યારના પહોરમાં કયાંથી અથડાય છે ? ' શેઠાણીએ કહ્યું, ' ભાઈ ! ભલે અમે ગરીબ છીએ. અમારા ફાટ્યાતુટ્યા કપડાં અને મેલાઘેલા શરીર દેખી તમે કલ્પના ના કરશો કે અમે તમારી પાસે કંઇ લેવા આવ્યા છીએ. ફક્ત આ તમારી ગીની લો અને એક પૈસો મને આપો. ' શેઠ વિચારમાં પડ્યા કે ગીની આપી પૈસો લેનાર આ બાઈ ગાંડી તો નહિ હોય ને ? શેઠાણીને આજુબાજુની બધી વાત પૂછી. શેઠાણીએ વિગતવાર જણાવ્યું.

હકીકત સાંભળતા શેઠે શેઠાણીના કરેલા તિરસ્કારથી પોતાને ઘણું જ માઠું લાગ્યું અને આંખમાં આંસુ લાવી હાથ જોડી કહેવા લાગ્યા, " મારા જેવા અજ્ઞાનીનો અપરાધ માફ કરો. અને આજથી આ રંકનું ઘર પાવન કરો, તમે મારા ધર્મના બેન છો અને તમારા પુણ્યપસાયે અમારે એકંદર સુખશાંતિ છે. તમારા આવવાથી અમારે કંઇ ઘટવાનું નથી પણ ઉલટું વધવાનું છે; માટે આટલી મારી માંગણી જરૂર સ્વીકારો." અત્યાગ્રહ થવાથી શેઠાણી આવ્યા. શેઠના કુટુંબને ધર્મમાર્ગે ચઢાવ્યું. આ શેઠાણીના પુત્રને શેઠે ભણાવી ઘણો કુશળ બનાવી પોતાની દુકાનમાં ભાગીદાર બનાવ્યો. **આ નીતિનું ફલ.** આ કથાનકથી નીતિનું સુંદર પરિણામ સમજી નીતિને દરેકે પોતાના જીવનમાં ઉતારવા અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ–કૌશલ્ય

( લેખક—સ્વ૦ મૌક્તિક )

## ધૂળમાંથી સોનું—Best out of little.

### નજીવી બાબતમાંથી લાભ તારવવો–એ મુશ્કેલ છતાં હિતકારક છે.

આ ઘણી અગત્યની બાબત છે. ઘણી વખત આપણે નાનામાં નાનો લાભ લઇને સંતોષ પકડીએ છીએ. તેમ ન થવું જોઇએ, પણ નાની વાત ગણવી કોને ? તે બાબતમાં મતભેદ થવો સંભવિત છે. આપણે ઘણી વખત બાબતને, વસ્તુઓને કે કાર્યને અગત્ય આપીએ છીએ, પણ વસ્તુતઃ ત્યાં જ ભૂલ થાય છે. આપણા કામને કે બાબતને ઘણી વખત અગત્યની ગણીએ છીએ છીએ, અને બીજાનાં કાર્યને અથવા બાબતને એટલી અગત્ય આપતા નથી; એ ખોટી વાત છે. એવે પ્રસંગે માણસની કિંમત થાય છે, એટલે માણસે કોઇ પણ કાર્યને નજીવું ગણવું ન જોઇએ. અક્કલવાન માણસ હોય તો નજીવી દેખાતી બાબતમાંથી પણ લાભ મેળવી શકે એટલે અક્કલની કિંમત બાબત ઉપર કે કાર્ય પર નથી થતી. તેમાંથી લાભ કેમ અને કેટલો મેળવવો તેનું મૂલ્ય થઇ જાય છે. જ્યારે અક્કલવાન માણસ લાભ મેળવી શકે છે ત્યારે ધર્મીષ્ટ માણસ તો ઘણો લાભ મેળવી શકે છે. એટલે વસ્તુતઃ એની નજરે કોઇ બાબત કે કાર્ય નજીવું હોય જ નહિ.

નજીવા દેખાતા કાર્યમાંથી લાભ તારવવો એ અક્કલનો અને આવડતનો નમૂનો પૂરો પાડે છે. તેટલા માટે નજીવા દેખાતા કાર્યમાંથી લાભ તારવવો એ આવડતનું કામ છે અને અક્કલનું કામ છે.

નજીવામાંથી શું લાભ મેળવી શકાય ? એ સવાલ જરા અટપટો હોઇ ખુલાસો માંગે એ જરૂરી છે એટલે નજીવાંને નજીવું કાર્ય કે ક્રિયા માનવી નહિ અને પોતાની ગરીબાઇ હોય તો તેથી ગભરાવું નહિ. માણસને પ્રથમ ફરજ પોતાની જાત તરફ છે. કેટલાક તેમાં પાછા પડે અને નિઃસ્વાર્થ વૃત્તિએ મોટા કામ કરે છે. એમાં એનું ડહાપણ જ કામ આવે છે. એમાં આંતરવૃત્તિ જ જોવાની છે અને કોઇ કાર્ય-ને નજીવું ગણવું નહિ. એમાં જ આનંદ રહેલો છે. અને કાર્ય કે બાબતને સાચો ન્યાય થાય છે.

ધર્મીષ્ટનું એટલા માટે એ લક્ષણ બતાવવામાં આવ્યું છે કે નજીવામાં નજીવી લાગે તેમાંથી પણ લાભ જ મેળવે અને બીજાને લાભ કરે અને આવી વૃત્તિ તો ખાસ કેળવવી જોઇએ એમ આપણને લાગ્યા વગર રહે તેમ નથી અને કોઇ બાબત તે નજીવી છે અથવા કોઇ કાર્ય નજીવું છે, એમ સુજ્ઞ માણસે ધારવું જ નહિ. અને બને તેટલો દરેક ક્રિયાનો લાભ મેળવવો એ સાદું સૂત્ર છે, છતાં શાસ્ત્ર-કારના વચન રહસ્યમય છે અને વિચારમાં નાંખી દે એવી એ પવિત્ર ક્રિયા છે એમાંથી લાભ તારવતાં આવડે તો જ એની કિંમત છે. અને સુજ્ઞ ધર્મીષ્ટ માણસ હોય એને એ આવડત હોય છે. સુજ્ઞ પ્રાણી તેટલા માટે બાહ્ય લાભ કરતાં કર્તવ્ય તરફ નજર રાખે.

---

It is hard *to make the best of a little* but it pays to do so.

*Thoughts of the Great.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## જ્ઞાનમંદિરનું ઉદ્દઘાટન.

અદ્યતન ઢબથી પોણા લાખના ખર્ચે કપડવંજ શહેરમાં શેઠશ્રી વાડીલાલ મનસુખભાઈએ પોતાના ખર્ચે બંધાવેલ શ્રી અભયદેવસૂરીશ્વરજી જ્ઞાનમંદિરનું ઉદ્દઘાટન અઠ્ઠાઈ મહોત્સવ સાથે પાટણવાળા શેઠશ્રી ભોગીલાલ લહેરચંદના વરદ હસ્તે ગયા વૈશાક શુદ ૫ ના રોજ થયું હતું. સાથે પાંચ છોડનું ઉજમણું પણ કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે શ્રી સિદ્ધચક્રજીનું મહાપૂજન પણ કરવામાં આવ્યું હતું. વૈશાક વદ ૫ ના રોજ પબ્લીક ટ્રસ્ટએકટ માટે વિજય મેળવનાર વેજલપુર જૈન સંઘના વહીવટ કરનાર શેઠશ્રી રતિલાલ પાનાચંદ ગાંધીને ત્યાંના જૈન સંઘ તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. મહોત્સવ દરમ્યાન આચાર્ય શ્રી માણેકસાગરસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આગમપ્રભાકર પૂણ્યવિજયજી મહારાજ તથા પૂ. લબ્ધિસાગરજી આદિ ઠાણાઓના દર્શનનો લાભ પણ તે વખતે મળ્યો હતો.

## જાહેર પ્રવચન.

લાલબાગ ભૂલેશ્વર મુંબઈ જૈન ઉપાશ્રયમાં **આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી**ના અધ્યક્ષપણા નીચે **આપણું કર્ત્તવ્ય** એ વિષય ઉપર તા. ૨૩-૫-૫૪ ના રોજ પ્રવચન રાખવામાં આવ્યું હતું. પ્રથમ શ્રી આત્માનંદ જૈન સભાના સેક્રેટરીએ જૈન સમાજને આગળ વધવું હોય તો સંગઠ્ઠનની જરૂર ઉપર, ત્યારબાદ પંન્યાસજી વિકાસવિજયજી મહારાજે ધર્મના બે પ્રકાર ઉપર, મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજે ધર્મમાં ઘણા ભેદો થયેલા છે અને આપણું કર્તવ્ય ભૂલી ગયા છીએ તે ઉપર, મુનિ શ્રીજય-વિજયજીએ આપણે આપણા કર્તવ્યથી પાછા હઠવું ન જોઈએ તે ઉપર, મુનિ શ્રીઈંદ્રવિજયજીએ ઉદ્યમ, સાહસ, બુદ્ધિબળ વગેરેને આચરણમાં મૂકવા ઉપર, દીલ્હીવાળા લાલા જ્ઞાનચંદજી ન્યાયાધીશે આપણા યુવક-યુવતીઓને હિંદી જ્ઞાન આપવા માટે, ધાર્મિક સંગીતનું પદ્ધતિસર જ્ઞાન આપવા ઉપર વિવેચનો કર્યા હતા. છેવટે અધ્યક્ષસ્થાનેથી શ્રી આચાર્યમહારાજે આપણે આપણું કર્તવ્ય સમજવા અને તેથી જગતનો પણ વિકાસ છે, તેમજ પરમાત્માની પૂજા, વ્યાખ્યાનશ્રવણ, દાન દેવું, દુઃખીઓનો ઉદ્ધાર કરવો વગેરે કર્તવ્યો સમજાવ્યા હતા.

## આ સભાનો ૫૮ મો વાર્ષિક મહોત્સવ–( બેસતું ૫૯ મું વર્ષ )

જેઠ સુદી ૨ બુધવાર તા. ૨-૬-૧૯૫૪ ના રોજ આ સભાનો ૫૮ મો વાર્ષિક મહોત્સવ પવિત્ર શ્રી તાલધ્વજગિરિ ( તળાજા ) તીર્થે ઉજવવામાં આવ્યો હતો. ભાવનગરથી ઘણા સભાસદોએ ભાગ લીધો હતો. પ્રથમ સવારના ડુંગર પર દેવાધિદેવ શ્રી સુમતિનાથ ભગવાનના મંદિરમાં શ્રી નવાણું પ્રકારી પૂજા વાજિંત્રો અને પૂજ્ય મુનિમહારાજની હાજરીમાં આલ્હાદપૂર્વક ભણાવવામાં આવી હતી. અંગ-રચના પણ કરવામાં આવી હતી. બે વાગે સ્વામીવાત્સલ્યમાં સૌએ ભાગ લીધો હતો. એ રીતે તીર્થયાત્રા દેવગુરુભક્તિનો લાભ સૌએ લીધો હતો. આ સભાનું અને સભાસદોનું સદ્દભાગ્ય છે કે દર વર્ષે તીર્થ-યાત્રા દેવગુરુભક્તિનો લાભ મળ્યા કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર સમાલોચના

**કલકત્તામાર્ગદર્શન**—નામની એક લઘુ પુસ્તિકા શ્રી કે. છોટાલાલની કુંપની તરફથી પ્રકાશન થયેલ છે. કલકત્તા શહેરની પ્રાચીન, અર્વાચીન માહિતિઓ આ લઘુ પુસ્તિકામાં આપેલી છે અને તે સમાજોપયોગી હોવાથી બહારગામથી કલકત્તા આવનારા મનુષ્યને એ ભોમિયા સમાન છે. સાથે શ્રી પવિત્ર સમેતશિખર–તીર્થ અને તેની પંચતીર્થીનું વર્ણન જે સંક્ષિપ્તમાં આપેલું છે તે યાત્રિકો માટે ઘણું ઉપયોગી થઇ પડે તેવું છે.

**શિવપુરીનાં સ્મરણો**—લેખક–મૂળજીભાઈ પી. શાહ. પ્રાતઃસ્મરણીય આચાર્ય ભગવાન શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો ત્યાં સ્વર્ગવાસ થયેલો હોવાથી ત્યાં પૂજ્ય ગુરુદેવના વિદ્વાન શિષ્ય પૂજ્ય શ્રી વિદ્યાવિજયજી મહારાજના સુપ્રવચન અને અપૂર્વ ગુરુભક્તિ નિમિત્તે એક સમાધિમંદિર થયેલ છે તેની પાછળ ૩૧ વર્ષનો ઇતિહાસ છે, કે જ્યાં હજારો વિદ્વાનો, સંસ્કાર યાત્રિકો, રાજકીય પુરુષો, પાશ્ચિમાત્ય દર્શનશાસ્ત્રીઓ જૈનદર્શનનો અભ્યાસ કરવા આવે છે, તેટલું જ નહિ પણ સંસ્કૃત મહાવિદ્યાલય, ઇન્ટર કોલેજ છાત્રાલય, પુસ્તકાલય, ગ્રંથમાળા, સાધુ આશ્રમ વગેરે હોવાથી અનેક વિદ્યાર્થીઓ ભાષા અને જૈનધર્મનું જ્ઞાન મેળવે છે. પૂજ્ય વિદ્યાવિજયજી મહારાજે એક સુંદર, અનુપમ, અપૂર્વજ્ઞાનની પરબ ત્યાં શરૂ કરેલી છે. શિવપુરીના હવાપાણી સુંદર છે વગેરે લઘુપુસ્તિકામાં ત્યાં સંસ્મરણો જાતે જઇ જોઇ આવેલ છે, જે બુક વાંચવા જેવી છે. આવું વિદ્યાધામ હજી સુધી બીજે જાણવામાં આવ્યું નથી, જે પૂજ્ય વિદ્યાવિજયજી મહારાજની ગુરુભક્તિ--ગુરુસેવા અને સુપ્રયત્નને આભારી છે. આ પુસ્તકના લેખકને પણ અમો ધન્યવાદ આપીએ છીએ કે જેમણે ત્યાંનો સર્વ ઇતિહાસ આપ્યો છે.

**ભારતીય આરોગ્યનિધિ**—પાટણ કેન્દ્ર તા. ૨૬–૪–૫૪ના રોજ આરોગ્યખાતાના પ્રધાન શ્રી શાંતિલાલ શાહના હસ્તે પાટણ ગુજરાતમાં શ્રીયુત અમીચંદ ખેમચંદ શાહના શુભ પ્રયત્ને ખોલવામાં આવ્યું છે. ઉપરોક્ત સંસ્થાનું પ્રથમ કેન્દ્ર પાટણ ખોલવામાં આવ્યું છે. રોગ થયા પછી તેની દવા કરતા પહેલાં રોગ થવાના મૂળ કારણોને જ પહેલેથી અટકાવી દેવા એ આમાં મુખ્ય હેતુ છે. દરેક પ્રકારના રોગની માવજત માટેની યોજનાનો આ કેન્દ્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રોગ પ્રબંધક અને રોગ નિવારણના આ નવીન પ્રયોગ જેમાં સમાયેલા છે તેવી જનસેવાની આ ભારતીય આરોગ્ય-નિધિ સંસ્થાને ઉદાર હાથે સહાય આપવાની જરૂર છે. આ ખાતાના નિષ્ણાત ડોકટરો પેટ્રનો વગેરેના જ્ઞાન અને માર્ગદર્શન મળેલ હોવાથી આ ખાતા માટે નિમાયેલ કમીટીના ગૃહસ્થો, ઉત્સાહી, ખંતીલા અને સેવાભાવી હોવાથી આ સંસ્થાની ભાવિ પ્રગતિ જરૂર થશે એમ અમે માનીએ છીએ. આવા આરોગ્યનિધિકેન્દ્રો –સંસ્થાઓ દરેક મોટા શહેરોમાં ખોલવાની જરૂર છે, જેથી નાના ગામોની જનતાને પણ તેનો લાભ મળી શકે. આવી સંસ્થાના સેવાભાવી સભ્યો જરૂર આત્મકલ્યાણ સાધી શકે.

**જૈન દૃષ્ટિએ યોગ**—લેખક સ્વ૦ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ. પ્રકાશક–શ્રીમહાવીર જૈન વિદ્યાલય મુંબઇ. ક્રાઉન સોળ પેજી ૨૭૨ પેજ કિંમત અઢી રૂપીયા. આ ગ્રંથમાં યોગની આઠ દૃષ્ટિઓનું સરલ રીતે વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. યોગ એ મોક્ષપ્રાપ્તિના ઉપાય તરીકે શાસ્ત્રકાર મહારાજોએ જણાવ્યું છે. યોગના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ બન્યો છે. પઠનપાઠન કરવા જેવો ખાસ આ ગ્રંથ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રેષ્ઠીવર્ય મણિલાલ નારણજીનો સ્વર્ગવાસ.

ભાઇશ્રી મણિલાલ શુમારે ૬૫ વર્ષની ઉમરે ગયા વૈશાક વદી ૨ બુધવાર તા. ૧૯-૫-૫૪ ના રોજ થોડા વખતની બિમારી ભોગવી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી જૈન ઓસવાલ જ્ઞાતિના શેઠ નારણજી ભાણાભાઈના સુપુત્ર થતા હતા. શ્રી મણિભાઈને ઉત્તરોત્તર અને ખાસ પિતાશ્રી તરફથી જૈન ધર્મ પર શ્રદ્ધા, સંસ્કાર, લક્ષ્મી, વ્યાપાર ( વહાણના વીમા ઉતારવાનો ધંધો ) વારસામાં મળ્યા હતા. કુટુંબ પણ અત્રેના જૈન સમાજમાં ખાનદાન ગણાતું હતું. જૈન સમાજમાં તેઓ વિશ્વાસપાત્ર એવા ગણાતા હતા કે પ્રથમ તેમના પિતાશ્રી નારણજીભાઇ અને ત્યારબાદ શ્રી મણીલાલભાઇ ( જૈન દેરાસર સંઘના વહીવટ કરનારી ) શેઠ ડોસાભાઇ અભેચંદની પેઢીના ટ્રેઝરર તરીકે રહી જીવનપર્યંત સેવા કરી હતી.

ભાઇ શ્રી મણિલાલ પરમ શ્રદ્ધાળુ, દેવગુરુધર્મના પરમ ભક્ત, સરલ સ્વભાવી, મિલનસાર અને ઉદાર હતા.

શહેર ભાવનગરના કૃષ્ણનગર વિભાગમાં જ્યાં જૈન વ્યાપારીઓ, શ્રીમંત શ્રદ્ધાળુઓ શુમારે બશેંહ કુટુંબ વસે છે ત્યાં શિખરબંધી મુખ્ય જિનમંદિરની ઘણા વખતથી જરૂરીયાત જોઇ શેઠ મણિભાઇએ પોતાને પ્રાપ્ત થયેલી સુકૃત લક્ષ્મીનો વ્યય કરી જિનમંદિર પોતાને ખર્ચે બંધાવી પ્રતિષ્ઠા વગેરે પોતાને ખર્ચે કરવાની શ્રી સંઘને વિનંતિ કરતાં શ્રી સંઘે મંજૂરી આપી. જિનમંદિર તૈયાર થયું. ઘણા પ્રયત્ને તેમના પૂણ્યોદયે **શ્રી મહાવીર પરમાત્માની પ્રાચીન પ્રતિમા** મળી ગઇ. શ્રી મહાવીર પ્રભુ તથા બીજી જિનેશ્વર ભગવંતની ચાર પ્રતિમા મેળવી પૂજ્ય આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ પાસે શુદ્ધ મુહૂર્ત મેળવી ગયા વૈશાક સુદી ૩ બુધવારના રોજ વિધિવિધાન સહિત પૂજ્ય આચાર્ય વિજયભકિત-સૂરીશ્વરજી મ૦ ની નિશ્રામાં શ્રદ્ધા, ભાવના, આત્મિક આનંદ અને પૂર્ણ ઉત્સાહપૂર્વક, નિરભિમાન-પણે શ્રી ભાવનગર જૈન સંઘ સમુદાયની હાજરી વચ્ચે શ્રીયુત મણીલાલભાઇએ પ્રતિષ્ઠા કરી ( અઠ્ઠમના ઉપવાસપૂર્વક કરી ) બૃહત સ્નાત્ર ભણાવ્યું. બપોર પછી તેટલા જ શ્રદ્ધા, ભાવના, આત્મિક આનંદ સાથે સ્વામીવાત્સલ્ય કરી સુકૃતની લક્ષ્મીના સદ્‌વ્યયવડે મનુષ્ય જન્મનું સાર્થક કરી આત્મકલ્યાણ સાધ્યું. શ્રી સંઘના ધન્યવાદને પાત્ર થયા, પરંતુ કર્મની ગતિ વિચિત્ર છે, કાળની ગતિ ગહન છે, તેવો કપરો પ્રસંગ મણિલાલભાઇને પ્રાપ્ત થયો. વૈસાક સુદી ૧૦ ના રોજ પેટનો દુઃખાવો થયો, વૈસાક સુદી ૧૧ ગુરૂવારના રોજ સરકારી હોસ્પીટાલમાં લઇ જવામાં આવ્યા અને ડોકટરે ઓપરેશન કરી પેટમાંથી ગાંઠ કાઢી. સફળ ઓપરેશન થયું અને તબીયત સુધરતી આવતી હતી, દરમ્યાન તા. ૧૯-૫-૫૪ ના રોજ સાંજના તબીયત વિશેષ બગડી. અંતસમય નજીક આવ્યો પરંતુ હલુકર્મી તે આત્મા( મણી-લાલભાઇ )ને એક મુનિવર ધર્મગુરૂનો છેલ્લી ઘડીએ હોસ્પીટાલમાં સંયોગ પ્રાપ્ત થયો. વ્રત પચ્ચખાણ કરતા અને નવકાર મંત્રના સ્મરણપૂર્વક સ્વર્ગવાસી થયા, આયુષ્ય પૂર્ણ થાય ત્યાં મનુષ્યનો કંઇ ઉપાય ચાલતો નથી પરંતુ ભાઇશ્રી મણિલાલ જિનપ્રતિષ્ઠા, સ્વામીવાત્સલ્ય જેવા આત્મકલ્યાણના પ્રસંગો શ્રદ્ધાપૂર્વક કરી થોડા દિવસમાં સ્વર્ગવાસ પામ્યા જેથી તેઓ તો આ જન્મનું ખરેખર સાર્થક કરી ગયા છે અને એવા શ્રદ્ધાળુ ભવ્યાત્મા ઉચ્ચગતિને પામે તે સ્વાભાવિક છે, તેમના સ્વર્ગવાસથી શ્રી સંઘમાં અને આ સભાના ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા તેથી આ સભાને એક અગ્રગણ્ય પુરુષ અને એક શ્રદ્ધાળુ જૈન સભાસદની ખોટ પડી છે. છેવટે શ્રી મણિલાલભાઇના પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેવી પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. ( પ્રથમ ભીમસીંહ માણેકે છપાવેલી તે જ ) હાલમાં તે મળી શક્તિ નહોતી અમારી પાસે માત્ર પચીશ કોપી આવી છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂ. ૪-૮-૦ પોસ્ટેજ જુદું મૂળ કિં. આપવાની છે. )

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય અંશ )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર–સરલ ગુણદોષના નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. સારા કાગળો સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો,** લાઇફ **મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ક્રાઉન આઠ પેજી લગભગ સાડા ત્રણસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આ વર્ષમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઈફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.**

---

## જ્ઞાન પ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ

### લેખક—સદ્ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

જૈન–જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય. તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક આ ગ્રંથમાં વિવિધ વિષયો આવેલા છે. અનુભવપૂર્ણ અને શાસ્ત્રોના અવગાહના અને નિચોડરૂપે કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ, આપનાર અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન, પાઠન માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્તે અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઈંડીંગ સાથે છપાય છે, જે થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

---

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

### વિદ્યાર્થીની જૈન સ્કોલરશિપ

મુંબઇ યુનિવર્સિટીની એન્ટ્રન્સ અગર તો એસ. એસ. સી. પરીક્ષામાં સર્વથી વિશેષ માર્કો મેળવનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને " શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ " આપવામાં આવશે. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ ૨૬ ની ઓફીસેથી મળશે. અરજીપત્રક ૫ મી જુલાઇ ૧૯૫૪ સુધી સ્વીકારવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે. જેમાંથી પેટ્રન થનારને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| | જૈન મતકા સ્વરૂપ | ભેટ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

સં. ૨૦૧૦ માં આપવાના ભેટના પુસ્તકો તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

એકાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ
તા. ૧૩-૧-૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only